# First meeting of BRICS Sherpas and Sous Sherpas

February 26, 2021

---

# બ્રિક્સ શેરપાઓ અને સૂ-શેરપાઓની પ્રથમ બેઠક

ફેબ્રુઆરી 26, 2021

બ્રિક્સ શેરપાઓ અને સૂ-શેરપાઓએ ભારતની અધ્યક્ષતામાં 24-26 ફેબ્રુઆરી 2021 નાં રોજ તેઓની પ્રથમ બેઠક યોજી હતી. આ બેઠકની અધ્યક્ષતા CPV&OIA સચિવ, શ્રી સંજય ભટ્ટાચાર્ય, અને આર્થિક સંબંધોનાં અધિક સચિવ શ્રી, પી. હરિશ દ્વારા ભારતનાં બ્રિક્સ શેરપા અને સૂ શેરપાનાં સ્વરૂપમાં કરી હતી.

ભારત દ્વારા 2021 માં તેની અધ્યક્ષતા માટે -"BRICS@15: સાતત્ય, એકત્રિકરણ અને સંમતિ માટે આંતર બ્રિક્સ સહકાર" વિષય અંતર્ગત આ મુજબ તેની પ્રાથમિકતાઓ રજૂ કરી હતી - (i) બહુપક્ષીય પ્રણાલીનો સુધારો; (ii) આતંકવાદનો સામનો કરવા સહકાર; (iii) SDGs હાંસલ કરવા માટે ડિજિટલ અને ટેકનોલોજીકલ નિરાકરણોનો ઉપયોગ કરવો, અને (iv) લોકોનાં પારસ્પરિક આદાન-પ્રદાનોમાં વધારો કરવો. ચર્ચાઓ અને પ્રતિભાવનાં સત્રો બાદ બ્રિક્સ 2021 માટે ઇવેન્ટ્સનું કેલેન્ડર પણ રજૂ કરવામાં આવ્યું હતું.

તેની અધ્યક્ષતા દરમિયાન વિવિધ વિષયોનાં ક્ષેત્રોમાં ભારતની પ્રાથમિકતાઓ પર વિવિધ ભારત સરકારનાં મંત્રીઓ દ્વારા શ્રેણીબદ્ધ સંક્ષિપ્ત માહિતીઓ અને રજૂઆતો કરવામાં આવી હતી. આમાં બ્રિક્સનાં આતંકવાદ વિરોધી સહકાર, ટકાઉ વિકાસ અને ડિજિટલ કૃષિ પર વિશેષ ભાર મૂકવા સાથે કૃષિ, નવીનીકરણમાં સહકાર, ડિજિટલ આરોગ્યકોવિડ-19 મહામારીનો સામનો કરવામાં સહકાર અને પરંપરાગત ઔષધિઓ, આર્થિક વ્યૂહાત્મક ભાગીદારી અને વ્યાપારની કાર્યસૂચિનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બ્રિક્સ ન્યૂ ડેવલપમેન્ટ બેંકનાં ઉપરાષ્ટ્રપતિ શ્રી અનિલ કિશોરાએ રશિયા અને ભારતમાં બેંકની પ્રાંતિય કચેરીઓ ખોલવા, અને NDB સભ્યપદ વિસ્તરણ સહિત આ વર્ષ માટે બેંકની પ્રાથમિકતાઓ પર બ્રિક્સ શેરપાઓને સંક્ષિપ્ત માહિતી આપી હતી.

ત્રણ દિવસની બેઠક દરમિયાન સાંસ્કૃતિક અને લોકો-થી-લોકો વચ્ચેનાં જોડાણો કેન્દ્રિય બાબતો હતાં સાથે બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલ, બ્રિક્સ વીમેન બિઝનેસ એલાયન્સ, બ્રિક્સ એકેડમિક ફોરમ, બ્રિક્સ થિંક ક કાઉન્સિલનાં અધ્યક્ષોએ આ વર્ષ માટેની તેઓની કાર્યસૂચી અને આયોજીત પ્રવૃત્તિઓ રજૂ કરી હતી.

બ્રિક્સ ભાગીદારોએ ભારત દ્વારા તેની અધ્યક્ષતાનાં વર્ષ માટે પસંદ કરેલા વિષયો અને પ્રાથમિકતાઓ સમયને અનુરૂપ અને સંબંધિત હોવા બદલ પ્રશંસા કરી હતી, અને ભારત દ્વારા પ્રસ્તાવિત નવી પહેલ માટે સમર્થન વ્યક્ત કર્યું હતું. બ્રિક્સ શેરપાઓએ ચર્ચાઓ પર થયેલી પ્રગતીની સમીક્ષા કરવા, અને આગામી વિદેશી અને અન્ય મંત્રીઓની બેઠકોનો કાર્યક્રમ બનાવવા ફરીથી બે મંહિનામાં મળવાની સંમતિ આપી હતી.

**નવી દિલ્હી**
**ફેબ્રુઆરી 26, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.